મોડાસા શહેરમાં વધુ ૪ કેસ

મોડાસા નાગરિક બેંકનો કર્મચારી કોરોનાગ્રસ્ત થતા ત્રણ દિવસ બેંક બંધ : શહેરમાં વધુ ૪ કેસ નોંધાતા આંક ૭૦ પર, જીલ્લામાં ૧૬૮ કેસ

મોડાસા, તા. ૧૮

મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જેને કારણે હાલમાં અરવલ્લી જિલ્લાની સ્થિતિ જોતા ટુંક સમયમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ કોરોનાના દર્દીઓ ધરાવતો જીલ્લો બને તો નવાઈ નહિ. ખાસ કરીને છેલ્લા કેટલાક દિવસથી મોડાસા શહેરમાં જ કોરોનાનું સંક્રમણ ખુબ ઝડપી વધી રહ્યું છે. જેને લઈ શહેરમાં પોઝિટિવ આંક ૭૦ પર પહોંચી ગયો છે. ગુરૂવારે મોડાસા શહેરમાં ૪ કેસ અને શહેરને અડીને આવેલા સબલપુર ગામમાં ૧ પોઝિટિવ કેસ નોંધાતા જિલ્લામાં કુલ ૧૬૮ કેસ પોઝિટિવ નોંધાયા છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ ફેલાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બુધવારે મોડાસા નાગરિક સહકારી બેંકનો કર્મચારી કોરોનામાં સપડાતા હડકંપ મચ્યો છે, બેંક કર્મચારીનો રિપોર્ટ પોઝેટીવ આવતાં આરોગ્ય વિભાગના ગાઈડલાઈન અનુસાર ત્રણ દિવસ બેંકને તાળા મારી દેવામાં આવ્યા છે. મોડાસા શહેરમાં કોરોનાના સંક્રમણનું સંકટ ઘેરૂ બનતાં માર્કેટયાર્ડમાં કરિયાણાના દુકાનધારકોએ અડધો દિવસ દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય લીધો છે.

ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સૌથી વધુ સંક્રમણ મોડાસા શહેરમાં જોવા મળી રહ્યું છે. શહેરમાં દિનપ્રતિદિન સતત કેસોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં પ્રતિદિન શહેરમાં કોરોનાના ત્રણ થી ૫ કેસ નોંધાઈ રહ્યા છે. બુધવારે તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પણ સંબોધન કરવામાં આવ્યું હતું કે હવે દેશમાં લોકડાઉન કરવામાં આવશે નહિ. જેને કારણે અફવાથી દૂર રહેવાનું જણાવ્યું હતું. જેની વચ્ચે બુધવારે મોડાસા શહેરમાં બે અને તાલુકામાં ૧ મળી ત્રણ પોઝેટીવ કેસ નોંધાયા બાદ શહેરમાં કોરોનાની રફતાર યથાવત રહેતા વધુ ૪ ચાર પોઝિટિવ કેસ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

મોડાસા શહેરના બજારો અને જાહેરસ્થળોએ એકઠી થતી ભીડ કોરોના સંક્રમણને આવકારી રહી હોય તેવું લાગી રહ્યું છે, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું ન હોવાથી આગામી સમયમાં કોરોના વિસ્ફોટ થાય તો નવાઈ નહિ લોકો બેદરકાર જણાઈ રહ્યા છે જે આગામી સમયમાં ઘાતક સાબિત થઈ શકે છે જીલ્લાવાસીઓ માટે તેવું લાગી રહ્યું છે.

મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં કોરોનાનું લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સ્મીશન આગામી સમયમાં ભયાનક સાબિત થઈ શકે છે. ગુરુવારે નોંધાયેલ શહેરના ૪ કોરોના પોઝેટીવ કેસ લઘુમતી સમાજમાં નોંધાયા છે જેમાં અલહયાત સોસાયટીના ૫૮ વર્ષીય મહિલા, દરિયાઈ સોસાયટીની ૪૮ વર્ષીય મહિલા, બેલીમવાડાના ૪૮ વર્ષીય આધેડ અને નવાજી ફળીનો ૨૮ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે. મોડાસા શહેરને અડીને આવેલા સબલપુર ગામનો ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝેટીવ આવતાં સતત વધી રહેલા કોરોનાના કહેરથી લોકોમાં ફાફડાટ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૦ પર પહોંચી છે.

આરોગ્ય વિભાગ દ્વારા પરિવારના સભ્યોને કોરોન્ટાઈન કરી સર્વેની કામગીરી હાથ ધરી હતી. વહીવટીતંત્રએ કોરોના પોઝેટીવ દર્દીઓના ઈફેકેટેડ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરીયા જાહેર કરવાની કામગીરી હાથ ધરી હતી અને સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાંતિજ દરજીવાસમાં પાણીનો પોકાર

છેલ્લા આઠ મહિનાથી પાણી માટે આ વિસ્તારના રહીશો પાણી માટે વલખાં મારે છે : આજુબાજુના વિસ્તારોમાંથી પાણી ભરી લાવવું પડે છે : રજુઆતો કરવા છતા પાલિકાના આંખ આડે કાન

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર નાની ભાગોળ દરજીવાસના રહીશોને છેલ્લા આઠ મહિનાથી પાણી ના મળતાં આ વિસ્તારના રહીશો પાણી માટે વલખાં મારે છે.

પ્રાંતિજ નાની ભાગોળ દરજીવાસ વિસ્તારમાં છેલ્લા આઠ મહિનાથી પણ વધારે દિવસોથી આ વિસ્તારના રહીશોને પ્રાથમિક પ્રથમ સુવિધા પીવાનું પાણી ના મળતા રહીશો દ્વારા પ્રાંતિજ નગરપાલિકા ઉપર રોષ વ્યક્ત કર્યો છે તો રહીશો દ્વારા અનેકવાર પાલિકા તથા આ વિસ્તારના રહીશોને રજુઆતો કરી છતાં પાણીની સમસ્યા હલ લાવવામાં આવ્યો નથી. પાણીની સમસ્યાને લઈને એક અઠવાડિયા પહેલાં ખાડા તો ખોલવામાં આવ્યા છે પણ પછી તે ખાડા પુરવામાં ના આવતાં હાલ તો આ વિસ્તારના રહીશોને અવરજવરમાં પણ મુશ્કેલીઓ ઉભી થઈ છે. ત્યારે આ વિસ્તારના રહીશો જણાવી રહ્યા છે અમે નિયમિતપણે નગરપાલિકામાં વેરા ભરવા છતાં અમારી સાથે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ઓરમાયુ વર્તન કરતું હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે હાલ તો પાણી ના મળતાં રહીશોની હાલત પાણી વગર કફોડી બની છે. ત્યારે પાલિકા દ્વારા આ વિસ્તારના રહીશોની સમસ્યાને ધ્યાને લઈને ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવું આ વિસ્તારના રહીશો જણાવી રહ્યાં છે.

મોડાસામાં યુજીવીસીએલ તંત્રની ઘોર બેદરકારી

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં એપીએમસી શાકમાર્કેટમાં દુકાનોના પાછળના

ભાગે આવેલ વીજ મીટરોની ઓરડી જોખમી પુરવાર થાય તેમ છે, શાક માર્કેટમાં આવેલ દુકાનોના વીજ મિટરો ઓરડીમાં લગાવેલ છે જેની ચોમાસાના દિવસોમાં બિલકુલ દરકારે ખ્રદૃષ્ઠઞ તંત્ર દ્વારા લેવાતી નથી ઓરડીમાં વીજ વાયરો મીટર માંથી ખુલ્લમખુલ્લા જમીન પર જીવંત હાલતમાં લબડતા નજરે પડે છે મિટરમા ફોલ્ટ સર્જાતા અકસ્માત થવાની તેમજ જાનહાની થવાની પુરેપુરી શકયતા રહેલ છે આ પરિસ્થિતિમાં ઓરડી માં આવેલા વીજ મિટરોમાથી એકબીજાના દુકાનોના કેબલ બદલાઈ જવાના કારણે વીજ ગ્રાહકોને ખોટા બિલ આવતા હોય છે દુકાનદારો વાક વગરના દંડાતા હોય છે વીજ મીટર માંથી દુકાનો સુધી સો મીટર ઉપરાંત સર્વિસ લાઈન આપવામાં આવેલ દેખાય છે આ અંગેનો જેતે વખતે એસ્ટીમેટટચાર્જ વસૂલાયો છે કે નહીં?આમ તો નિયમ મુજબ ૩૦ મીટર સુધી કાયદેસર વાયર આપવાનું હોય છે ખ્રદૃષ્ઠઞનુ રેઢીયાળ તંત્ર તાત્કાલિક ધોરણે ધ્યાનમાં લઈ યોગ્ય રીપેરીગ કરે તેવી લોકમાંગ પ્રબળ બનેલ છે.

ખેડૂત બિયારણ લેવા ગયો પરિવાર ઘરે રાહ જોઈ રહ્યો હતો

અકસ્માતમાં મોત નીપજ્યું : મેઘરજ નવા બસસ્ટેન્ડ નજીક ટ્રેક્ટરે એક્ટીવાને અડફેટે લીધું

મેઘરજ, તા. ૧૮

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં મંગળવારના રોજ નવા બસસ્ટેન્ડ પાસે ટ્રેક્ટર અને એક્ટીવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા એક્ટિવા સવાર બાંઠીવાડાના રાવળ ફળીમાં રહેતા ખેડૂતને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન ખેડૂતનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. અકસ્માતના પગલે પરિવારજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. મેઘરજ પોલીસે મૃતક ખેડૂતના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાંઠીવાડા રાવળવાસના પુજાભાઈ કાળુભાઈ રાવળ અને અન્ય એક એક્ટીવા સવાર બંને ઈસમો ચોમાસુ વાવેતરનુ બિયારણ લેવા મેઘરજ ગયા હતા અને બિયારણ લઈ પરત આવતા હતા તે અરસામાં મેઘરજ નવા બસસ્ટેન્ડ પાસે એક્ટીવા અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા એક્ટિવા સવાર ઈસમને કમરના અને પેટના ભાગે ગંભિર ઈજાઓ પહોંચતા ઈસમ લોહીલુહાણ થયો હતો અને ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર મુકી ફરાર થઈ ગયો હતો ત્યારે ઈજાગ્રસ્ત ઈસમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો જ્યા સારવાર દરમિયાન એક્ટીવા સવાર ઈજાગ્રસ્ત ઈસમ પુજાભાઈ કાળુભાઈ રાવળ ઉ.વ. આ.૪૨ રહે. બાંઠીવાડાનુ અકસ્માતમાં મોત નીપજતા મૃતકના નાના ચાર બાળકો નોંધારા બનતા પરીવારજનોમાં આક્રંદ છવાયો હતો. અકસ્માત અંગે મેઘરજ પોલીસને જાણ કરાતા મેઘરજ પોલીસ સ્ટેશનના પી.આઈ જે.પી. ભરવાડે અકસ્માત સર્જનાર સોનાલિકા ટ્રેક્ટરના અજાણ્યા ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

કોરોના મહામારી વચ્ચે ડીસા માર્કેટયાર્ડ દ્વારા રાહતદરે ચોપડા વિતરણ શરૂ

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ સંચાલક મંડળની સેવાકીય પ્રવૃત્તિ આવકારદાયક

ડીસા, તા. ૧૫

કોરોના મહામારી વચ્ચે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ સંચાલક મંડળ દ્વારા ગરીબ અને જરૂરીયાત મંદ પરીવારોના અભ્યાસ કરતાં બાળકો માટે સોમવારથી સોસ્યલ ડીસ્ટન્સ વચ્ચે રાહત દરે ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ સંચાલક મંડળ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. ત્યારે કોરોના મહામારી વચ્ચે ડીસા તેમજ આસપાસના ગરીબ અને જરૂરીયાત મંદ પરીવારોના અભ્યાસ કરતાં બાળકોને કારમી મોઘવારીમાં રાહત દરે ચોપડા મળી રહે તે માટે સોમવારથી ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન. જોષીએ જણાવ્યું હતું કે કોરોના મહામારી વચ્ચે સરકારની ગાઈડલાઈન મુજબ સોસ્યલ ડીસ્ટન્સ વચ્ચે (પ્રતિ નંગ ૧૩ રૂપિયા) રાહત દરે ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

શક્તિપીઠ અંબાજીમાં માસ્ક પહેર્યા વગર નિકળનારા લોકો સામે પોલીસની લાલ આંખ...!

લોકડાઉનના ચોથા તબક્કા બાદ રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારી વચ્ચે અનલોક-૧ અમલી બનાવી કેટલીક છુટછાટો સાથે બજારો પુનઃ ધમધમતા કરવામાં આવ્યા છે ત્યારે શક્તિપીઠ અંબાજીમાં માસ્ક પહેર્યા વગર ફરતા વ્યક્તિઓ

પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી અંબાજી પોલીસ દ્વારા શરૂ કરવામાં આવતાં શહેરીજનોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

કોરોના મહામારીને નાથવા માટે લોકડાઉન અમલી બનાવ્યા બાદ લોકડાઉનના ચાર તબક્કા પછી અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેટલીક છુટછાટો સાથે બજારોને ખુલ્લા કરાયા છે. જો કે કોરોના વાયરસનું સંક્રમણ અટકે અને મહામારી વકરે નહી તે માટે બજારોમાં ભીડ ન જામે અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન થાય તેમજ બજારમાં ખરીદી તેમજ કામકાજ અર્થે બહાર નીકળતા લોકો ફરજિયાત માસ્ક પહેરે તેવું સુચન કરવામાં આવ્યું છે. જો કોઈ વ્યક્તિ માસ્ક પહેર્યા વગર ફરતા પકડાય તો તેમની પાસેથી રૂ.૨૦૦ દંડ વસુલવાની જોગવાઈ કરવામાં આવી છે. આમ છતાં કેટલાક લોકો માસ્ક પહેર્યા વિના જ બજારમાં ફરતા હોય છે. જેને લઈ શક્તિપીઠ અંબાજીમાં લોકો માસ્ક વગર ફરતા હતા અને સરકારની ગાઈડલાઈન્સ ના ધજાગરા ઉડાડતાં જોવા મળ્યા હતા ત્યારે અંબાજી પોલીસ દ્વારા સરકાર ની ગાઈડલાઈન્શ ને ધ્યાનમાં રાખીને જે લોકો માસ્ક વગર ફરતા હતા તેમને રોકી અને દંડ ૨૦૦ રૂપિયાની પાવતી આપી અને દંડ વસૂલાયો છે અને કુલ બે દિવસની અંદર ૫૦ કરતા ઉપરાંત માસ્ક વગર ફરતા લોકો જોડે દંડ વસુલાયો છે અંબાજી પોલીસે અનલોક-૧ ના નિયમોનું ઉલ્લંઘન કરતા તત્વોને ઝડપી પાડવા માટે ઝુંબેશ હાથ ધરી છે

મોડાસા-ધનસુરા માર્ગ પર ગમખ્વાર અકસ્માત

માતેલા સાંઢની માફક ટ્રક કાર પર ફરી વળ્યો : કરણપુર પ્રાથમિક શાળાના યુવાન શિક્ષકનું કમકમાટી ભર્યું મોત

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનમાં અકસ્માતની ઘટનાઓ નહિવત બની હતી લોકડાઉન અનલોક થતા અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જીલ્લામાં વધુ એક અકસ્માતની ઘટનામાં રમાણા ગામના અને ધનસુરા તાલુકાની કરણપુર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આશાસ્પદ યુવાન શિક્ષક ગોપલ ભાઈ ભરવાડની કારને રહિયોલ રેલવે ફાટક નજીક ટ્રક-કન્ટેનરે અડફેટે લેતા કારના આગળના ભાગનો કડૂચાલો વળી જતા કારચાલક શિક્ષકનું કારની અંદર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાના પગલે પરિવારજનો અને સગા-સંબંધીઓ ઘટનાસ્થળે દોડી પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી ધનસુરા પોલીસે

ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ભરવાડ સમાજના આશાસ્પદ યુવાન શિક્ષકનું અકસ્માતમાં મોત નિપજતાં મોટી સંખ્યામાં ભરવાડ સમાજના અગ્રણીઓ દવાખાને પહોચ્યાં હતા

પ્રાપ્ત માહિતી મુજબ, ધનસુરા તાલુકાના રમાણા ગામના અને કરણપુર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ગોપાલ ભાઈ ભરવાડ ધનસુરામાં બેંકના કામકાજ અર્થે મોડાસા થી ધનસુરા તરફ કાર લઈ નીકળ્યા હતા રહિયોલ સ્ટેન્ડ નજીકથી પસાર

થઈ રહ્યા હતા ત્યારે ધનસુરા તરફથી માતેલા સાંઢની માફક પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રક-કન્ટેનરે કારને સામેથી ધડાકાભેર ટક્કર મારતાં કારના આગળની બાજુના ફૂરચે ફુરચા નીકળી જતા કારચાલક ગોપાલભાઈ ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કારમાં જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માતના પગલે મોડાસા-ધનસુરા રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અકસ્માતના પગલે ધનસુરા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કારમાં ફસાયેલ યુવકના મૃતદેહને ભારે જહેમત બાદ કારમાંથી બહાર કાઢી પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. રમાણા ગામના આશાસ્પદ યુવાન શિક્ષક ગોપાલ ભાઈ ભરવાડનું અકસ્માતમાં મોત નિપજતા ભરવાડ સમાજ, ધનસુરા પંથક અને શિક્ષણ આલમમાં શોકનું મોજું ફરી વળ્યું હતું

પ્રાંતિજ બેંક ઓફ બરોડાના બેંક ખાતેદારો તડકામાં તપે છે

કર્મચારીઓ એસીમાં તો બેંક ખાતેદારો ગરમીમાં : સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો : બેંક બહાર ગરમીમાં ગ્રાહકોની લાઇનો

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ બેંક ઓફ બરોડાના ખાતેદારોની બેંક બહાર તડકામાં લાઈનો જોવા મળી હતી. બેંક દ્વારા ગ્રાહકો માટે કોઈ જ વ્યવસ્થા ના કરવામાં આવતાં બેંક ગ્રાહકો નિરાશા થયા હતા.

હાલ કોરોનાની મહામારીને લઈને સોશિયલ ડીસ્ટન્સ જળવાઈ રહે તે માટે બેંકની અંદર એક સાથે ગ્રાહકોને પ્રવેશ આપવામાં આવતો નથી અને બેંકની અંદર એક પછી એક એમ પ્રવેશ આપવામાં આવે છે, તો બીજી તરફ બેંક બહાર લાંબી લાંબી લાઈનો લાગે છે. બેંક દ્વારા બીજી બાજુ બેંકમાં આવતા ગ્રાહકો માટે કોઈ સગવડ પુરી પાડવામાં ના આવતાં હાલ તો બેંક બહાર લાંબી લાંબી લાઈનો લાગે છે, ત્યારે બેંક કર્મચારીઓ એંસીમાં હોય છે, બેંક ગ્રાહકો બહાર તડકામાં ઉભા હોય છે તો તડકે ઉભા ઉભા કેટલાય ઉંમરલાયક લોકોને ગરમીમાં મુશ્કેલીઓ પડતી હોય છે. બેંક દ્વારા કોઈ વૃધ્ધ કે સિનીયર સિટીઝનની લાઈન અલગ કે પ્રાયોરીટી આપવામાં આવતી નથી. બેંક આગળ કેટલીય લાંબી લાઈનો થાય છે જેમાં સોશિયલ ડિસ્ટન્સ પણ જોવા મળતો નથી અને સંક્રમણ થવાનો પુરે પુરી સંભાવના દેખાય રહી છે, ત્યારે બેંક દ્વારા બેંક બહાર બેંક ગ્રાહકો માટે કંઈક વ્યવસ્થા કરવામાં આવે અથવા તો બેંકની અંદર જ લાઈનો કે બેઠક વ્યવસ્થા કે બેંક બહારજ મંડપ અને કુલરો પંખા મુકવામાં આવે તેવી માંગ પણ હાલ તો ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના નીચીધનાલ ગામે ખેતરમાં વાવેતર કરવા બાબતે હુમલો

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકાનાં મધુનગરકંપા ખાતે રહેતા પંચાલ પરિવાર નીચીધનાલ ગામની સીમમાં ખેતીની જમીન નીચીધનાલ સીમમાં સર્વે નબર ૨૯૧ થી ધરાવે છે. આ જમીન પર નીચીધનાલ ગામના પંચાલ ડાહ્યાભાઇ કોદરભાઈએ ૨૦૧૦ માં ખેડબ્રહ્મા કોર્ટમાં કેસ કરેલ અને તેનો ચુકાદો મધુનગર કંપાના પરિવારના તરફેણે આવેલ હતો. બુધવારના તેમના ખેતરમાં મગફળીનું વાવેતર ચાલુ હોય બુધવારના બપોરે દિનેશભાઇ, તેમના પિતાજી ઈશ્વરભાઇ, ભાઈ કનુભાઈ મહેશભાઇ અને અલ્કાબેન, સવિતાબેન ક્રિષ્નાબેન સહિતના લોકો જીજે-૦૯-વિબી-૧૫૬૭ કાર તથા એક બાઇક લઈ ખેતરમાં ગયા હતા. સાંજના દિનેશભાઇ ડાહ્યાભાઇ પંચાલ, નીચીધાનલવાળા પપ્પુભાઈ અરૂણભાઈ પંચાલ મટોડાવાળા, મુકેશભાઇ શંકરભાઇ પંચાલ શ્યામનગરવાળા એક ચોકીદાર નીચીધાનલનાઓ સળિયા, લાકડી લઈ આવી અમારી જમીનમાં કેમ વાવેતર કરો છો કહી ગાળો બોલી ગાડીના કાચ તોડી નાખ્યા હતા. પંચાલ પરિવાર ત્યાં જતાં મહેશભાઈને સળિયાઓથી માર મારી માથાના ભાગે ઈજાઓ પહોચડી હતી અને તેમના પિતા ઈશ્વરભાઈ અને અલ્કાબેનને પણ મારવા લગતા ક્રિષ્નાબેન વચ્ચે પડતાં તમને પણ ઈજાઓ પહોચી હતી અને આજે તમને છોડવાના નથી જાનથી મારી નાખવાના છે ધમકીઓ આપી હતી, જેથી દિનેશભાઈ ધ્વારા રાજેશભાઈ પંચાલ, પપુભાઈ પંચાલ, મુકેશભાઇ પંચાલ અને ચોકીદાર વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૧૮

ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો, કાર્યકરો ધ્વારા મામલતદાર કચેરીમાં મામલતદાર આર.વી. વણકરને આવેદનપત્ર અપાયું હતું. અરવલ્લી જીલ્લા મથક મોડાસા ખાતે તાત્કાલીક ધોરણે સીવીલ હોસ્પિટલનું નિર્માણ સંદર્ભે ધારદાર રજુઆત કરાઈ હતી. હાલ તબક્કે કોરોના વાઈરસની મહામારી ભારત દેશ અને દુનિયામાં વ્યાપક પ્રમાણમાં ફેલાઈ છે. ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ ડાં. વનરાજભાઈ ડામોર, તુલસીભાઈ પાંડોર, મુકેશભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, ધાર્મિકભાઈ ચૌધરી, ભરતભાઈ પારઘી, કંદર્પભાઈ પટેલ, રમેશભાઈ ખરાડી સહિત હોદ્દેદારો, કાર્યકરો ધ્વારા અરવલ્લી જીલ્લા મથક ખાતે સત્વરે સીવીલ હોસ્પિટલનું નિર્માણ સંદર્ભે ધારદાર રજુઆત કરાઈ છે.

અરવલ્લી જીલ્લામાં કુલ ૧૫૫ કોરોના વાઈરસથી પીડીત દર્દીઓ હોઈ તેઓને હિંમતનગર સીવીલ ખાતે સારવાર અર્થે ખસેડવા પડે છે પરંતુ ત્યાં પહોંચતા પહોંચતા અમુક દર્દીઓ મૃત્યું પણ પામે છે ત્યારે અમારી સૌ-કોઈની માંગણી છે કે દર્દીઓને ઘર આંગણે નિઃશુલ્ક, તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સીવીલ હોસ્પિટલ અનિવાર્ય છે. અમારી લાગણી, માંગણીને ન્યાય આપી સત્વરે જીલ્લાના પ્રજાજનોને ન્યાય આપવા આવેદનપત્ર રૂપી લેખિતમાં અનુરોધ કર્યો હતો.

કાંકરેજના માંડલા ગામેથી જુગાર ધામ ઝડપાયું

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા પોલીસ દ્વારા ખાનગી બાતમી આધારે માંડલા ગામે જુગાર ધામ ચાલતું હતું ત્યાં અચાનક રેડ કરવામાં આવી હતી જેમાં દસ જેટલા શકુનિયા ને થરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો ત્યારે (૧) જયંતિ દલાજી ઠાકોર (૨) તરસંગજી સેમાજી (૩) પંચાભાઈ રામસિભાઈ પટેલ (૪) મસાજી નથુજી ઠાકોર (૫) જોગાજી માંસુંગજી (૬) પ્રહલાદ મેલાભાઈ રાવળ (૭) બદાજી લાલાજી (૮) છ ગનભાઈ ગણેશ ભાઈ પટેલ (૯) વિનાજી માનસુંગજી ઠાકોર (૧૦) માવુજી સલાજી ઠાકોર રહે તમામ માંડલા તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા વાળાઓ ને રોકડ રકમ ૭૧૪૦ તેમજ મોબાઈલ ફોન નંગ.૪ કિંમત રૂ.૪૫૦૦ અને મોટર સાયકલ નંગ ૪ કિંમત રૂ.૪૦.૦૦૦ એમ કુલ મળીને ૫૧૬૪૦ રૂપિયા ના મુદ્દામાલ કબજે કરી ને ધરપકડ કરવામાં આવી હતી જોકે બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડા ની કડક સૂચના મુજબ થરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાયો હતો.